



**અરવલ્લી જીલ્લામાં મેઘરાજાની છૂટી છવાઈ પધરામણી : મેઘરજ પંથકમાં ધોધમાર, માલપુર મોડાસામાં અમી છાંટણા, ગ્રામ્ય વિસ્તારમાં વરસાદી ઝાપટા**

અરવલ્લી જીલ્લામાં છેલ્લા દસ દિવસથી વાદળછાયા વાતાવરણથી મેઘરાજના આગમનની જીલ્લાના પ્રજાજનો આતુરતા પૂર્વક રાહ જોઈ રહ્યા છે અને મેઘરાજા મનમુકીને વર્ષે તેવી આશાઓ વચ્ચે વહેલી સવારે આકાશે કાળા ડિબાંગ વાદળો સાથે મેઘરજ પંથકમાં ધમાકેદાર એન્ટ્રી કરતા વાતવરણમાં ઠંડક છવાઈ હતી. જીલ્લાના મોડાસા અને માલપુર પંથકમાં અમીછાંટણા થતા અને ગ્રામ વિસ્તારોમાં વરસાદી ઝાપટા પડતા ભૂમિપુત્રોમાં આનંદ છવાયો હતો. જીલ્લાના પ્રજાજનો મેહુલિયો મનમુકીને વરસે તેવું ઈચ્છી રહ્યા છે. અરવલ્લી જીલ્લા સહીત મોડાસા, મેઘરજ, માલપુર પંથકમાં સોમવારે સવારથી વરસાદી વાદળો ઘેરાતા જીલ્લામાં મેઘમહેરની આશાઓ વચ્ચે મેઘરજ પંથકમાં ધોધમાર વરસાદ પડતા ખેડૂતો સહીત લોકોમાં આનંદ છવાયો હતો તદઉપરાંત મોડાસા અને માલપુર પંથકમાં અમી છાંટણા થતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો. જીલ્લાના પ્રજાજનો અસહ્ય બફારા અને ઉકળાટ આંશિક રાહત અનુભવી હતી. જીલ્લાના ભૂમિપુત્રો વરસાદ ખેંચાવાની હવામાન વિભાગની માહિતી વચ્ચે મેઘરાજાની પધરામણી થતા જગતનો તાત ચોમાસાના અનાધાર વરસાદની રાહ જોઈ રહ્યા છે. મોડાસાના કેટલાક ગ્રામીણ વિસ્તારોમાં વરસાદી ઝાપટા પડતા નેવેથી પાણી પડતા ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

# ઉનાવા પાસે કારે પલ્ટી ખાતાં દિકરીનું કરૂણ મોત

ઊંઝા, તા. ૧૮

ઊંઝા નજીકના ઉનાવા ગામે હાઈવે પર ઈકો મોટરકાર પલટી ખાઈ જતા અંદર બેઠેલા એક પરિવારની દિકરીનુ કરૂણ મોત નિપજ્યું હતુ. જ્યારે અન્ય વ્યક્તિઓને ઈજાઓ થઈ હતી.

વિગત એવી છે કે અમદાવાદના ચાંદખેડામાં રહેતા ચૌધરી હરિરામ ઢગલારામ ઈકો ગાડી નં. જીજે.૦૧. આરએચ. ૮૪૭૨માં પોતાના પરિવાર સાથે અંબાજી દર્શનાર્થે જવા નીકળ્યા હતા ત્યારે માર્ગમાં ઉનાવા હાઈવે પર સવારના સાડા છ વાગ્યાના સુમારે ઈકો ગાડીનું પાછળનું ટાયર ફાટતા ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવ્યો હતો. જેથી ગાડી પલટી ખાઈ જતા અંદર બેઠેલ ગાડીના ચાલકની દિકરી તમન્નાને શરીરે ગંભીર ઈજાઓ થતાં તેનું મોત નિપજ્યુ હતુ. જ્યારે પરિવારના અન્ય સભ્યોને પણ વત્તાઓછા પ્રમાણમાં ઈજાઓ થતાં તેઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા.

આ બનાવ અંગે ઉનાવા પોલીસે ઈકો ગાડીના ચાલક હરિરામ ચૌધરી વિરૂદ્ધ અકસ્માતનો ગુનો નોંધી વધુ વધુ તપાસ આરંભી છે.

# ડીસાના માલગઢ ખાતે નવા પંચાયત ઘરનું ખાતર્મુહુત

બનાસકાંઠાના ડીસા તાલુકાના માલગઢ ગામે ૨૨ લાખ રૂપિયાના ખર્ચે બંધાનાર પંચાયત ઘરની નવી ઈમારતનું ગતરોજ ગુજરાત વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળી અને ડીસાના ધારાસભ્ય શશિકાન્તભાઈ પંડ્યાના હસ્તે ખાતમુહૂર્ત કરાયું હતું.આ પ્રસંગે પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ મહેશભાઈ દવે,ગામના સરપંચ તેમજ ગામના અગ્રણીઓ તેમજ ગ્રામજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી રાજ્ય સરકારના વિકાસલક્ષી અભિગમની સરાહના કરી હતી.



**પરમ પૂજય શ્રી રંગ અવધૂત શ્રી અભિરંગ યુવા સંગઠન, અમદાવાદ દ્વારા બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ**

રતનપુર કલસટરની પાચ શાળાના તમામ બાળકોને ધોરણ મૂજબ સ્કૂલ બેગ, કંપાસ, ચોપડા, પેન્સિલ, ફૂટપટ્ટી, સંચો, રબર, ચંપલ વગેરે શૈક્ષણિક કીટ પૂજય શ્રી રંગ અવધૂત શ્રી અભિરંગ યુવા સંગઠન અમદાવાદ દ્વારા બાળકોને કીટ વિતરણ કરી અતિ ઉંડાણ અને જરૂરીયાત મંદ વનવાસી બાળકોને લાભ આપવામા આવ્યો. ત્રણ વર્ષથી ખેડબ્રહ્મા તાલુકાની શાળામાં કિરણભાઈ,મંથનભાઈની યુવા શક્તિ આ કામ નિખાલસ અને પ્રેરણાત્મક રીતે મદદ કરી રહી છે. આ માટે બી આર પી કંદર્પકુમાર જોષી દ્વારા બાળકોને કીટ વિતરણ માટે સહયોગ આપીને શિક્ષણ જાગ?તીની જ્યોત માટે સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા.

# શામળાજીના અસાલ ગામ નજીક કારની ટક્કરે યુવતીનું ઘટનાસ્થળે મોત

અમદાવાદ-ઉદેપુર નેશનલ હા.નં-૮ પર આવેલા શામળાજીના અસાલ ગામ નજીક રવિવારે સાંજના ૬ વાગ્યાના સુમારે રોડ ક્રોસ કરતી યુવતીને કારે અડફેટે લેતા ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નિપજતા અકસ્માતના પગલે દોડી આવેલી ચાલકે પુરઝડપે ગફલતભરી રીતે હંકારી ટક્કર મારતા યુવતી રોડ પટકાતા કારની ટક્કરે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા સ્થળ પર જ યુવતીનું પ્રાણપંખેરું ઉડી ગયું હતું. અકસ્માત સર્જી કારચાલક કાર ઘટનાસ્થળે રાખી ફરાર થઈ જતા અકસ્માતના પગલે



શામળાજી પોલીસે મૃતક યુવતીની લાશને પીએમ માટે ખસેડી અકસ્માત સર્જી ઘટનાસ્થળે કાર મૂકી ફરાર થયેલ કાર ચાલકને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા. શામળાજીના અસાલ ગામે રવિવારે સાંજના સુમારે કામકાજ અર્થે રોડ ક્રોસ કરી રહેલી રાજુડીબેન સુરેશભાઈ નિનામાને હિંમતનગર તરફથી આવતી હોન્ડા સીટી (ગાડી. નં- જીજે.૦૧. આરસી.૯૨૩૬)ના દોડી આવેલા લોકોએ શામળાજી પોલીસને જાણ કરતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી મૃતક યુવતીની લાશનો કબ્જો મેળવી પીએમ માટે દવાખાને ખસેડી બળવંત અર્જુન યાદવ (શ્રીજી સેલ્ફ કોર્પોરેશન કંપની, અસાલ)ની ફરિયાદના આધારે અકસ્માત સર્જી ફરાર કારચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ઝડપી પાડવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



**નારણપુર-નારસોલી પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને સ્કુલ કિટનું વિતરણ**

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના નારણપુર-નારસોલી ગામની નારણપુર-નારસોલી પ્રાથમીક શાળામાં શ્રી એકલિંગજી ટ્રસ્ટ,નારસોલી અને સ્વજન પરીવાર ટ્રસ્ટ,મુંબઈ,સેવાભાવી દાતાઓ ધ્વારા વિદ્યાર્થીઓને નોટબુક, પેન્સિલ, બોલપેન, કંપાસ, સંચો, રબ્બર, કલર બોક્સ અને સ્કુલ કિટનું વિતરણ કરાતાં વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી. શ્રી એકલિંગજી ટ્રસ્ટ, નારસોલીના સેવાભાવી ટ્રસ્ટીઓ, સામાજીક આગેવાનો,નારણપુર-નારસોલી પ્રાથમીક શાળા આચાર્ય, સ્ટાફ પરીવાર, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. નારણપુર-નારસોલી પ્રાથમીક શાળાના વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.

# ડીસામાં બસ અને બાઈક વચ્ચે અકસ્માત : ચાલકનો આબાદ બચાવ

ડીસા, તા. ૧૮

ડીસા શહેરમાં સોમવારે બપોરે સર્જાયેલા અકસ્માતમાં એક વ્યક્તિનો આબાદ બચાવ થયો છે.આ ઘટનાના પગલે રોડ પર ટ્રાફિક જામ થઈ ગયું હતું.

ડીસા શહેરમાં રહેતા અને ફેરિયાનો વ્યવસાય કરતો મહેશભાઈ રમેશભાઈ પરમાર નામનો યુવક ગતરોજ બપોરે તેના મોટર સાયકલ પર ખાખરા વેચવા માટે નીકળ્યો હતો. મહેશ પરમાર ડીસાના સાઈબાબા મંદિરથી જલારામ મંદિર તરફ જઈ રહ્યો હતો તે દરમ્યાન સરકારી વસાહત નજીક ડીસાથી બાડમેર રૂટની બસના ચાલકે પાછળથી બાઈકને ટક્કર મારતા મહેશ પરમારને ગંભીર ઈજાઓ થઈ હતી. આ



અકસ્માતના પગલે ઘટનાસ્થળે લોકોનું ટોળું જમા થઈ ગયું હતું અને ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક સારવાર માટે ડીસાની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.આ ઘટના બન્યા બાદ જલારામ મંદિરથી સાઈબાબા મંદિર સુધીના માર્ગ પર ટ્રાફિકજામ સર્જાઈ ગયો હતો.જોકે સદ્ ભાગ્યે આ અકસ્માતમાં મોટર સાયકલ ચાલકનો જીવ બચી ગયો હતો.

# પૂજ્ય સુદર્શનદાસજી રવિવારે બ્રહ્મલીન થયા

અરવલ્લી જિલ્લાના મોડાસા નજીક પાલનપુરના પશુપતિનાથ મહાદેવ મંદિરના મહંત પૂ.સુંદર્શનદાસજી રવિવારે સાંજે ૬ કલાકે બ્રહ્મલીન થયા છે. તેઓ છેલ્લા ઘણા વર્ષોથી આ મંદિરે સ્થાયી હતા અને સ્થાનિક ગ્રામજનો તેમજ મોડાસાના ભક્તોના સહયોગથી મંદિરનો સારો વિકાસ કર્યો હતો. તેઓના માર્ગદર્શન થકી સ્થાનિકોમાં ધર્મભક્તિની સુવાસ પ્રસરી હતી. દર વર્ષે પવિત્ર શ્રાવણ માસની ઉજવણીના ભાગરૂપે આ મંદિરે શ્રાવણની અમાસે વર્ષીથી ભંડારો થતો હતો. ધર્મપ્રેમીજનોમાં તેઓ ખૂબ જ પ્રિય હતા.



આજે સોમવારે સદગતની શોભાયાત્રા કાઢવામાં આવી હતી અને તે બાદ અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

# ગુજરાતના ૨૭૦૦થી વધુ ગામડા ગૌચર વિહોણા બન્યા

## પાલનપુરમાં ઓબીસી, એસસી, એસટી એકતા મંચ દ્વારા ગાય-ગૌચર બચાવવા ધરણાં

ભારતમાં આદીઅનાદી કાળથી મોગલ શાસન, અંગ્રેજ શાસન, રાજા રજવાડાના સમયમાં આપણી ગાય માતા અને તેમની ગૌચર જમીન સુરક્ષિત હતી અને તેમને વિશેષ મહત્વ આપવામાં આપ્યું હતું. જોકે, આજે દુઃખ સાથે કહેવું પડે છે કે, હિન્દુઓની કહેવાતી આ ગુજરાત સરકારમાં ૨૭૦૦ થી વધુગામડાઓ ગૌચર વિહોણા બન્યા છે. ત્યારે હક્ક અને અધિકારની ગૌચર જમીન સુરક્ષિત રહે તે માટે સરકાર પોતાની નીતિ સ્પષ્ટ કરે તેમ પાલનપુરમાં સોમવારે યોજાયેલા ધરણામાં ઓ.બી.સી. એસ.સી. એસ.ટી એકતા મંચના ઉપ પ્રમુખ મુકેશભાઈ ભરવાડે જણાવ્યુ હતું.

ઓ.બી.સી. એસ.સી. એસ.ટી એકતા મંચ અને માલધારી સમાજ સમાજ દ્વારા ગાય માતા અને ગૌચર બચાવવા સરકારને ભીંસમાં લેવામાં આવી રહી છે. જ્યાં પાલનપુર ખાતે સોમવારે ધરણાં યોજી જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ અંગે ઓ.બી.સી. એસ.સી. એસ.ટી એકતા મંચના ઉપ પ્રમુખ મુકેશભાઈ ભરવાડે જણાવ્યુ હતું કે, ભારતમાં આદીઅનાદી કાળથી મોગલ શાસન, અંગ્રેજ શાસન, રાજા રજવાડાના સમયમાં આપણી ગાય માતા અને તેમની ગૌચર જમીન સુરક્ષિત હતી અને તેમને વિશેષ મહત્વ આપવામાં આપ્યું હતું. જોકે, આજે દુઃખ સાથે કહેવું પડે છે કે, હિન્દુઓની કહેવાતી આ ગુજરાત સરકારમાં ૨૭૦૦ થી વધુગામડાઓ ગૌચર વિહોણા બન્યા છે. ત્યારે હક્ક અને અધિકારની ગૌચર જમીન સુરક્ષિત રહે તે માટે સરકાર પોતાની નીતિ સ્પષ્ટ કરવી પડશે. અમારી માંગણી સ્પષ્ટ છે કે, રાજ્ય સરકાર દ્વારા જે ઓછા મા ઓછા ૨ રૂપિયા અને વધુમા વધુ ૨૫ રૂપિયા જેવા



પાણીના ભાવે અદાણી જેવા ઉધોગપતિ નેજમીન આપી છે. તેના સો ગણા ભાવે ઓબીસી,એસટી,એસસી વર્ગના લોકો ખરીદવા તૈયાર છે. તેમના બાળકોના ઉજ્વળ ભવિષ્ય માટે શાળા અને છાત્રાલય માટે પણ જમીન ફાળવી મંજૂરી આપે નહિતર આગામી સમયમા સરકાર તેના કપરા પરિણામ ભોગવવા તૈયાર રહે.

ઓ.બી.સી. એસ.સી. એસ.ટી એકતા મંચ અને ખેડૂત આ જમીનના ભાવ કરતા ૧૦૦ ગણા ભાવ આપવા તૈયાર છીએ. અને તેના બદલામાં માત્ર ૮૫ ટકા નહીં પણ ૧૦૦ ટકા રોજગાર આપવા તૈયાર છીએ. આ ધરણાં કાર્યક્રમમાં ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રદેશ ખજાનચી ચકાજી ઠાકોર, પાલનપુર તાલુકા પ્રમુખ પ્રવીણજી ઠાકોર, ઓ.એસ.એસ. એકતા મંચના જિલ્લા પ્રમુખ સાગરભાઈ દેસાઈ, માલધારી સમાજના આગેવાન લીલાભાઈ દેસાઈ, નરસિંહભાઈ દેસાઈ, ધુળાભાઈ દેસાઈ, મોતીભાઈ દેસાઈ, નાગજીભાઈ દેસાઈ, કેસરજી ઠાકોર, સવદાનજી ઠાકોર, સહિત મોટી સંખ્યામાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ગૌચર મુદ્દે અન્યાય કેમ ?

૧. બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના મોરીયા ગામમાં આવેલી સર્વે નંબર ૧૯૫ ગૌચરની જમીન ૧૪.૭૦ હેકટર ચો.મી. ૮.૯૦.૩૧ ગૂંઠા ગૌચરની જમીન બનાસડેરી ટ્રસ્ટને કઈ રીતે આપવામાં આવેલી છે. તેની જાણ ગ્રામજનો અને સરપંચને ખબર નથી. પહેલા મેડિકલની વાત કરી પછી બનાસ ડેરી સંચાલિત ટ્રસ્ટને ૨૫ એકર ગૌચર જમીન ગામની પશુઓની સંખ્યા ૧૬૮૧ છે. ૨૦૧૨ના સર્વે ગણતરી પ્રમાણે મોરીયા ગામની ગૌચર જમીન ઓછી છે. જેની લેખીત રજૂઆત ગ્રામજનો અને સરપંચ દ્વારા કલેક્ટરને કરાઈ છે.

૨. બનાસકાઠાના પૂરગ્રસ્ત, જમીન વિહોણા ખેડૂતોને પશુસહાય ચૂકવવમાં આવી નથી. અને જે ચુકવેલ છે. તેમા વાલા-દવાલાની નીતિ અપનાવી છે. સમગ્ર જિલ્લો પૂરગ્રસ્ત હતો. છતાં અમીરગઢ, પાલનપુર, વડગામ, દાંતાને પૂરગ્રસ્ત જાહરે કરેલ નથી.

૩. શહેરી વિસ્તારના ગૌચર પર જે વેપારીકરણ થયેલ છે. સરકાર દ્વારા તો તાત્કાલીક અસરથી ગૌચર ખાલી કરાવી માલધારી સમાજોને એનો પજેશન આપો નહીં તો અગામી સમયમાં જે પરિસ્થિતિનું નિર્માણ થશે તેની સરકારની જવાબદારી થશે.

**એક હજાર ગાયો સાથે વિધાનસભાનો ઘેરાવો કરાશે : મુકેશ ભરવાડ (ઉપપ્રમુખ, ઓબીસી, એસસી, એસટી એકતા મંચ )**

ભાવનગરના વલભીપુર તાલુકાના ચમારડી ગામના માલધારીનું મોત નથી પરતું હત્યા છે. : રેવાભાઈ

સાસલાના આંદોલન દરમ્યાન ફરજ પર જે અધિકારીઓ હતા. તેમની બેદરકારી બદલ કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ. ગાયો માટે લડતા રેવાભાઈને સરકાર તાત્કાલિક શહીદ જાહેર કરે. રેવાભાઈના તાત્કાલીક ૨૫ લાખ રૂપિયાની સહાય આપવામાં આવે. બીજી તરફ સરકાર અમારી ગૌચરની જમીન ખાલી નહિ કરે તો ૧ હજાર ગાયો લઈને વિધાનસભાનો ઘેરાવો કરવામાં આવશે.